# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

**બ્લોક નં .૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર**

## જાહેરાત ક્રમાંકઃ ૨૧૨/૨૦૨૩૨૪

**(વેબસાઈટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)**

---

## અનિવાર્ય સંજોગોમાં પરીક્ષા માટે અનુકુળ ન હોય તે તારીખ અંગે મંડળને અગાઉથી જાણ કરવા બાબત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરની જાહેરાત ક્રમાંક: ૨૧૨/૨૦૨૩૨૪, ગુજરાત ગૌણ સેવા, વર્ગ–૩ (ગ્રુપ–A તથા ગ્રુપ–B) ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (Gujarat Subordinate Services Class-III (Group-A and Group-B) Combined Competitive Examination) અન્વયે તા. ૦૧/૦૩/૨૦૨૪ના રોજ પ્રથમ તબક્કાની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાનો કાર્યક્રમ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ પરીક્ષાની સંવેદનશીલતા અને સલામતીના કારણોસર ઉમેદવારને કોલ લેટરમાં ફાળવેલ સ્થળ, તારીખ અને સમય બદલી શકાશે નહી તેમ જણાવવામાં આવેલ છે.

આ પરીક્ષા કાર્યક્રમના સમયગાળા દરમિયાન લગ્નની સિઝન અને યુનિવર્સિટીની પરીક્ષાઓ હોવાના કારણોસર તદુપરાંત મહિલા ઉમેદવારને પ્રસુતિની તારીખના કિસ્સામાં ઉમેદવારની રજુઆત અન્વયે સહાનુભૂતિપૂર્વક વિચારણા કર્યા બાદ કોઇ ઉમેદવારને પ્રતિકૂળ હોય તેવી પરીક્ષા તારીખ ફાળવવામાં આવશે નહીં. આ માટે ઉમેદવારોએ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

### ૧. ઉમેદવારના પોતાના લગ્ન હોવાના કિસ્સામાં.

આ માટે ઉમેદવારે તેઓના લગ્નની અસલ કંકોત્રી સાથે તથા રૂ. ૫૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામા સાથે મંડળને લેખિતમાં અરજી કરવાની રહેશે. તદુપરાંત ઉમેદવારે લગ્નની તારીખ બાદ મોડામાં મોડા ૨ મહિનાના સમયગાળા દરમિયાન મેરેજ રજિસ્ટ્રેશન સર્ટિફીકેટ પણ રજૂ કરવાનું રહેશે.

### ૨. ઉમેદવારની યુનિવર્સિટીની પરીક્ષાના કિસ્સામાં.

આ માટે ઉમેદવારે યુનિવર્સિટીની પરીક્ષા હોવા અંગેના જરૂરી આધારો તથા રૂ. ૫૦/–ના સ્ટેમ્પ પેપરના સોગંદનામા સાથે મંડળને લેખિતમાં અરજી કરવાની રહેશે.

**૩. મહિલા ઉમેદવારો માટે પ્રસૂતિના કિસ્સામાં.**

આ માટે ઉમેદવારે સક્ષમ તબીબી અધિકારી દ્વારા આપવામાં આવેલ પ્રસૂતિની અંદાજીત તારીખ (Expected Delivery Date) અંગે જરૂરી આધાર–પુરાવા સહ મંડળને લેખિતમાં અરજી કરવાની રહેશે (સોંગદનામાની જરૂર નથી).

ઉપર્યુક્ત અનિવાર્ય સંજોગોમાં **ઉમેદવારને પરીક્ષા માટે કઈ તારીખ પ્રતિકૂળ છે** તે અંગેની આ સાથે સામેલ નિયત નમૂના મુજબની અરજી **તા. ૧૨/૦૩/૨૦૨૪ સુધીમાં** મંડળને **રૂબરૂમાં** રજૂ કરવાની રહેશે. નિયત સમયમર્યાદા બાદ કે ઉપર્યુક્ત ખાસ કિસ્સાઓ સિવાયની અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહીં.

ઉમેદવારો દ્વારા મળેલ અરજીઓ બાબતે મંડળ દ્વારા સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી ઉમેદવારોના હિતમાં નિર્ણય લેવામાં આવશે તથા મંડળ આ બાબતે જે નિર્ણય લેશે તે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

જો કોઈ ઉમેદવાર દ્વારા ખોટા દસ્તાવેજો રજુ કરીને અથવા અન્ય કોઈ રીતે મંડળને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરવામાં આવશે તો ઉમેદવારને પરીક્ષામાં બેસવા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે. તદુપરાંત ખોટું સોગંદનામુ રજુ કરવા સબબ ફોજદારી ગુન્હો પણ બની શકે છે. જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

**તારીખ: ૦૪.૦૩.૨૦૨૪** **હસમુખ પટેલ**
**સ્થળ: ગાંધીનગર** **સચિવ**

# **અરજી**

ઉમેદવારનું નામ:

કન્ફર્મેશન નંબર:

મોબાઇલ નંબર:

તારીખ :

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
કર્મયોગી ભવન, ગાંધીનગર.

**વિષય: જાહેરાત ક્રમાંક: ૨૧૨/૨૦૨૩૨૪, ગુજરાત ગૌણ સેવા, વર્ગ-૩ (ગ્રુપ-A તથા ગ્રુપ-B)ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાની તારીખ .................... સિવાયની અન્ય કોઈ તારીખ ફાળવવા બાબત.**

માનનીય શ્રી,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તા............. ના રોજ મારે (૧) મારા પોતાના લગ્ન .................... મુકામે હોવાથી અથવા (૨) મારે યુનિવર્સીટી/બોર્ડની..................મુકામે .............................................ની પરીક્ષા હોવાથી અથવા (૩) પ્રસુતિના કારણોસર.

હું ઉપર દર્શાવેલ ....................... તારીખે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજીત જાહેરાત ક્રમાંક: ૨૧૨/૨૦૨૩૨૪, ગુજરાત ગૌણ સેવા, વર્ગ-૩ (ગ્રુપ-A તથા ગ્રુપ-B)ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા /પ્રિલિમિનરી પરીક્ષામાં હાજર રહી શકું તેમ નથી. આથી, મને આ સિવાયની અન્ય કોઇ તારીખ અને સમય ફાળવવા વિનંતી.

ઉમેદવારની સહી:

નામ:

**બિડાણ:**

(૧) સોગંદનામુ

(૨) અન્ય જરૂરી દસ્તાવેજો (કંકોત્રી, યુનિવર્સીટી કે અન્ય પરીક્ષાના કોલલેટર, તબીબી પ્રમાણપત્રો)